# “મેયર” બાદ હવે “મેચ” ટોક ઓફ ધ ટાઉન બની..!!

## આવતીકાલના ભારત-પાકિસ્તાનના ટી-૨૦ વર્લ્ડકપ ટૂર્નામેન્ટમાં યોજાનારા જંગ બાબતે શહેરમાં રોમાંચકતા : ચાની કિટલીથી માંડીને સચિવાલયની કેન્ટિનોમાં પણ મેચની ચર્ચાઓ

ગાંધીનગર, તા. ૨૨

આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપની ટૂર્નામેન્ટમાં તા. ૨૪મી ઓક્ટોબર રવિવારે પરંપરાગત પ્રતિસ્પર્ધી ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા જેવી મેચ યોજાશે જેને અનુલક્ષીને દેશભરમાં અત્યારથી જ ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. આમ તો અત્યાર સુધીમાં વનડેનો વર્લ્ડકપ હોય કે ટી-૨૦ વર્લ્ડકપ દરેક વખતે ભારતનો તિરંગો સાનથી લહેરાયો છે જેના કારણે પાકિસ્તાનની ટીમ વધુ દબાણમાં છે. પરંતુ બીજી તરફ આ મેચને પગલે ગાંધીનગરના ક્રિકેટરસિયાઓમાં પણ ભારે ઉત્સાહ અને ઉત્તેજના જોવા મળી રહ્યાં છે અને ચાની કિટલીથી માંડીને સચિવાલયની કેન્ટિન સુધી આ મેચ ‘ટોક ઓફ ધ ટાઉન’ બનવા પામી છે કેમકે હવે ગાંધીનગરમાં મેયર સહિતના પદાધિકારીઓની વરણીનો મુદ્દો પણ પતી જવા પામ્યો છે.

ગાંધીનગરના કોઈપણ ખૂણે ચાલતી ચાની કિટલી કે પાનના ગલ્લે જો તમે જાઓ તો અત્યારે એક વાત સૌથી વધુ ચર્ચાતી જોવા મળશે અને તે છે ભારત-પાકિસ્તાનની મેચમાં શું થશે તેની છે. માત્ર ચાની કિટલી કે પાનના ગલ્લે જ નહીં પરંતુ પાટનગરના નવા-જુના સચિવાલયથી માંડીને લગભગ તમામ સરકારી-અર્ધ સરકારી કચેરીઓમાં પણ ક્રિકેટ રસિયાંઓ આ મેચ અંગે વાત કે ચર્ચા કરતાં જોવા મળી રહ્યા છે, એટલું જ નહીં પરંતુ આ મેચમાં કોણ જીતશે તે માટે નિર્દોષ ભાવે શરતો લગાવવાથી માંડીને ખાનગીમાં ચાલતા સટ્ટામાં પણ ‘બેટીંગ’ નોંધાવવાનું શરૂ થઈ ગયુ છે. શહેરના યુવા ક્રિકેટ રસિયાઓ પણ ભારત-પાકિસ્તાનની મેચ અંગે રોમાંચિત છે અને ટીવીમાં સ્પોર્ટસ ચેનલો પર દેખાડવામાં આવતા ભારત-પાકિસ્તાનના જુના મુકાબલા તથા વિશ્લેષણ જોઈને વિવિધ અનુમાનો વ્યક્ત કરી રહ્યાં છે. આ સાથે યુ-ટ્યુબ વગેરે પર પણ ભારત-પાકિસ્તાનની જુની મેચો સહિત આ રોમાંચક જંગ બાબતે સર્ચ કરવાનો ટ્રેન્ડ શહેરમાં જોવા મળી રહ્યો છે તેમજ રવિવારે આ મેચને મિત્રો કે સરખે સરખા ક્રિકેટ રસિયાઓ સાથે મળીને જોવાના આયોજન પણ કરવામાં આવી રહ્યાં છે.

આમ તો, ભારત-પાકિસ્તાનની મેચ હવે વર્લ્ડકપ કે તેના જેવી કોઈ મોટી ટૂર્નામેન્ટ સિવાય યોજાતી નથી જેના કારણે આશરે બે-ત્રણ વર્ષે બંને ટીમો વચ્ચે જંગ જોવા મળે છે. આ કારણે પણ મેચ માટે રોમાંચ વધી જાય છે. પહેલાં તો આવી મેચ માટે શહેરમાં જાહેરમાં મોટા ટીવી સ્ક્રીન લગાડીને મેચ દર્શાવવાનો ટ્રેન્ડ પણ જોવા મળતો હતો પરંતુ અત્યારે કોરોનાને અનુલક્ષીને આ વખતે કોઈ એવા સાહસ જોવા મળી નથી રહ્યાં પરંતુ પાનના ગલ્લે કે કોઈ દુકાન-ઓફિસમાં એકબીજાથી પરિચિત ક્રિકેટ રસિયાઓ સાથે મેચ જોવાના ખાનગી આયોજનો જરૂર કરી રહ્યાં છે.

# સે-૧૭ માં સાડા ચાર દાયકા જુના એમ એલ એ ક્વાટર્સના ૨૦ બ્લોક તોડવામાં આવશે

## સદસ્ય નિવાસના નવા મકાનો બાંધવા માટે ટુંકમાં આવાસો ખાલી થયા બાદ તોડવાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં કર્મચારીઓ માટે નવા આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે ત્યારે ધારાસભ્યો માટે નવા આવાસો બાંધવાની યોજના અન્વયે પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી રહી છે. સે-૧૭ માં સાડા ચાર દાયકા જુના આવાસોનો કડુસલો કરીને સદસ્ય નિવાસ બાંધવા માટે જગ્યા ખુલ્લી કરાશે. આ ઠેકાણે જુના અને જોખમી ૨૦ બ્લોક તોડી નાંખવામાં આવશે જયારે સદસ્ય નિવાસ માટે અંદાજિત ૨૦૦ જેટલા મકાનો બાંધવામાં આવશે

શહેરમાં સાડા ચાર દાયકા પુર્વે નિર્માણ કરાયેલા આવાસો હાલની સ્થિતિએ બિન ઉપયોગી બન્યા છે. જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે ધારાસભ્યો માટે પણ નવા મકાનો બાંધવાની યોજના તૈયાર કરવામાં આવી છે. સેકટર - ૧૭ માં જુના એમ એલ એ ક્વાટર્સના મકાનો તોડીને નવા સદસ્ય નિવાસ બનાવવા માટે આયોજન કરાયુ છે. સે-૧૭ માં આ જુના આવાસોમાં ૫૦ પરિવારોનો વસવાટ છે. જયારે આ પરિવારજનોને અન્ય ઠેકાણે મકાન ફાળવી આ દાયકાઓ જુના અને જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરાશે. સેકટરમાં અંદાજિત ૨૦ બ્લોક તોડવામાં આવશે જયારે આ



ઠેકાણે ખુલ્લી જગ્યામાં નવા ૨૦૦ મકાનો બાંધવાનુ આયોજન કરાયુ છે. આ મામલે અગાઉ માર્ગ મકાન મંત્રીએ રાઉન્ડ લઈને સ્થિતિનુ નિરિક્ષણ પણ કર્યુ હતુ. નવા સદસ્ય નિવાસના નિર્માણ માટે બજેટમાં અંદાજિત ૧૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જો કે ચાલુ વર્ષે માત્ર ૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજનાને અનુલક્ષી સેકટરમાંથી આ આવાસો ખાલી કરાવાશે ત્યારબાદ જુના અને જર્જરિત આવાસો તોડવા માટેનુ કામ શરૂ થશે. હાલ આ પૈકી મોટાભાગના મકાનો ખાલી છે. જયારે અન્ય મકાન ખાલી કરાવાની પ્રક્રીયા પણ ચાલુ છે. સેકટરમાં સદસ્ય નિવાસને અદ્યતન અને સુવિધાસભર બનાવવા માટે આગામી દિવસોમાં આવાસો તોડવાના મામલે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. જો કે હજુ જુના આવાસો તોડવાની કામગીરીમાં વિલંબ થશે જેથી આ કાર્યયોજનાને શરૂ થતા સમય લાગશે.

# સેક્ટર-૨૧ ખાતે સાઈડમાં પાર્ક કરેલી ગાડી ખસેડવાના મુદ્દે અધિકારી સાથે મારપીટ

## ધોળા દિવસે પીધેલી હાલતમાં જણાતાં બે ડ્રાઈવરોએ સચિવાલય નજીક એક અધિકારીને માર માર્યો અને મોબાઈલ-આઈકાર્ડ ઝુંટવી ફેંકી દીધા : શહેરના મવાલીઓમાં પોલીસનો ડર ગાયબ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં હવે રસ્તે હાલતા ચાલતા હાલી-મવાલી કે ટપોરીઓમાં પણ જાણે પોલીસનો ડર રહ્યો નથી તેવું છેલ્લાં કેટલાંક સમયથી થઈ રહેલી ઘટનાઓ પરથી પ્રતિત થઈ રહ્યું છે. શહેરમાં લબરમૂછીયા ટપોરીઓ રસ્તે ચાલતા વ્યક્તિની લૂંટના ઈરાદે હત્યા કરતાં અચકાતાં નથી એટલું જ નહીં પરંતુ સચિવાલય જેવા સ્થળે ધોળે દિવસે એક સરકારી અધિકારીને સામાન્ય બાબતમાં માર મારતાં મવાલીઓ પણ ખચકાતાં નથી. આજે સાંજે સરકારી કચેરી છુટવાના સમયે સચિવાલય પાસે બનેલી એક ઘટનામાં વન વિભાગમાંથી નિવૃત્ત થયેલા અધિકારી અને હાલ ગુજરાત ઔષધિય બોર્ડમાં ટેકનિકલ ઓફિસર તરીકે સેવા આપી રહેલા હેમંત સુધાર સાથે બે મવાલી જેવા ડ્રાઈવરોએ ગાડી પાર્ક કરવાની સામાન્ય બાબતે જાહેરમાં મારામારી કરી મોબાઈલ તથા આઈકાર્ડ ઝુંટવી લેવા સહિતની ગુંડાગીરી કરી હતી જેનાથી હતપ્રભ થયેલા અધિકારીએ પોલીસને જાણ કરી હતી.

સાંજના સરકારી કચેરીઓ છુટવાના સમયે આશરે સાડા છ વાગ્યાના સુમારે હેમંતભાઈ સુથાર તેમની જુના સચિવાલયના બ્લોક નં. ૧૯ ખાતેની કચેરીથી ઘરે જવા નીકળ્યાં ત્યારે સચિવાલય બહાર જ્યાં ટુરિનલ બ્લોક નજીક શાકભાજીની લારીઓ ઉભી રહે છે તે પોઈન્ટના બસસ્ટેન્ડ નજીક તેમની કાર રોડની એક સાઈડ પાર્ક કરીને અન્ય કર્મચારીઓની જેમ તેઓ શાક લેવા માટે ઉતર્યા હતા. આ દરમ્યાન ત્યાં આવી ચઢેલી બે કાર જે પૈકી એક પર ‘ગર્વમેન્ટ ઓફ ગુજરાત (યુટી)’ લખેલુ હતુ તેના ડ્રાઈવરોએ હેમંતભાઈને કાર ખસોડી લેવા જણાવ્યુ હતુ. હેમંતભાઈએ તેમની કાર સાઈડમાં છે જે નડે તેવી નથી તેવું જણાવાત પીધેલી હાલતમાં લાગતાં બંને ડ્રાઈવરોએ અસભ્ય ભાષામાં તોડછાઈથી વાત કરીને ઝઘડો કર્યો હતો અને આ ઝઘડા દરમ્યાન તેઓ હાથાપાઈ પર ઉતરી આવ્યાં અને ભરચક પલ્બીક વચ્ચે હેમંતભાઈને માર માર્યો હતો તેમજ કાળી સ્કોર્પિયો ગાડીવાળા ડ્રાઈવરે તેમનો મોબાઈલ પણ છીનવી લીધો હતો. હેમંતભાઈએ વિનંતી કરવા સાથે પોતાનું આઈકાર્ડ બતાવ્યુ હતુ ત્યારે આ શખ્સોએ આઈકાર્ડ પણ છીનવી લીધુ હતુ. બંને ડ્રાઈવરો પીધેલાં જણાતા બેફામ દાદાગીરી કરી રહ્યા હોવાથી કોઈની વચ્ચે પડવાની હિંમત નહોતી ચાલી અને તેઓ ત્યાંથી જતા રહ્યાં બાદ તેમનો મોબાઈલ અને આઈકાર્ડ રસ્તામાં ફેંકી દીધો હતો જે ભીડમાંથી કોઈએ લઈને હેમંતભાઈને પરત કર્યો હતો. આ સમયે હતપ્રભ થઈ ગયેલા અધિકારી અને એકત્ર ભીડે હવે શહેરમાં મવાલીઓને પણ પોલીસનો ડર રહ્યો નથી તેવો મત વ્યક્ત કર્યો હતો.



ગાંધીનગર સે. ૭-એ, પ્લોટ નં. ૩૨૨/૧ ખાતે આજે એક મોટી ધામણ બહારથી ઘરમાં પ્રવેશ કરતાં ઘરના રહીશોએ સર્પ રેસ્ક્યુની કામગીરી કરતા પ્રદીપભાઈ સોલંકીને ફોન કરી જાણ કરતાં તેમણે ગણતરીની મિનિટોમાં આ ધામણને પકડી પાડી હતી અને રેસ્ક્યુ કરી જંગલમાં છોડી આવ્યા હતા.



## ચિલોડા સર્કલ પાસે સહકાર સેતુ મધુર પાર્લરનો શુભારંભ

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા મોખરાનું સ્થાન અને જંકશનમથક ખાતે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. તથા ધી ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી લિ. આયોજિત દશેરાના દિવસે સહકારી સેતુ મધુર પાર્લરનો શુભારંભ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાના હસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે દૂધ મંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, વા. ચેરમેન જેસંગભાઈ પટેલ, ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ તથા મધુર ડેરીના જનરલ મેનેજર હંસાબેન પટેલ, ધી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભ્યો વગેરે ઉપસ્થિત રહી ઉદ્દ્ઘાટન પ્રસંગે ચેરમેન શંકરસિંહ રાણાનું ફૂલહારથી સ્વાગત કરી તેમના હસ્તે રીબીન કાપી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મધુર પાર્લરથી ચિલોડા મુખ્ય મથકના આસપાસના તથા હાઈવે રોડ પરથી પસાર થતા અન્ય નાગરિકો-મુસાફરોને વિશેષ લાભદાયી નીવડશે તેવો આશાસૂર વ્યક્ત કર્યો હતો.




ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં એક ઘટના બાદ હિન્દુ સમુદાય પર હૂમલાઓ વધ્યા છે. કેટલાક સ્થળોએથી તો હિન્દુઓને હિજરત કરવાની જરૂર પડી છે. હિન્દુઓ પર વધી રહેલા હૂમલાઓનો વિરોધ કરવા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગાંધીનગર દ્વારા પુતળાદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## બાયડના શ્રીજી શરણમ પરિવાર દ્વારા શહીદ હરીશસિંહને કેન્ડલમાર્ચથી શ્રદ્ધાંજલી અપાઈ

વણઝરીયા ગામના ફોજી હરીશસિંહ પરમાર આતંકીઓ સાથેની અથડામણમાં શહીદ થતાં પંથકમાં શોક છવાયો છે. બાયડના શ્રીજી શરણમ પરિવાર દ્વારા શહીદ હરિશસિંહ માટે શરદપૂનમના રોજ કેન્ડલમાર્ચ યોજી સોસાયટીના રહીશોએ શ્રદ્ધાંજલી આપી હતી. આતંકીઓ કાશ્મીરમાં બેફામ બન્યા છે ત્યારે કાશ્મીર સરહદ ઉપર ફરજ બજાવતા ખેડા જિલ્લાના સપૂત ફોજી હરીશસિંહ પરમારે આતંકીઓને પડકારતાં થયેલા બેફામ ગોળીબારમાં શરીર વિંધાઈ જતાં શહીદ થયા હતા. શહીદવીરનો પાર્થિવ દેહ વતન લવાતા સેંકડો લોકો અંતિમ દર્શને ઉમટ્યા હતા. પડોશી બાયડ તાલુકામાં પણ શહીદવીરને શ્રદ્ધાંજલી અપાઈ રહી છે. બાયડના સોસાયટીના રહીશોએ શહીદવીરના માનમાં મૌન અને ત્યારબાદ કેન્ડલમાર્ચ યોજી શ્રદ્ધાંજલી આપી ત્યારે અનેક લોકો ગદગદીત થયા હતા.

# લીંબડીયા ગામે નિઃશુલ્ક મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો

આજરોજ આઝાદી કા અમૃત મહોત્સવ ઈન્ડિયા જી અંતર્ગત નિયામકશ્રી, આષુયની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના માર્ગદર્શન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરની મંજૂરી અને માર્ગદર્શનથી આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા લીંબડીયા, તા. જિ. ગાંધીનગર મુકામે નિઃશુલ્ક મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી રાજપુત, આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોર, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કવિતાબેન સંગાડા, જિલ્લા સદસ્ય રંજનબેન જાદવ, તાલુકા સદસ્ય બાલુબેન ડાભી, સરપંચ લીંબડીયા હર્ષદભાઈ પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલ તથા ગામના અગણમીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ હતો.

આ કેમ્પમાં સાંધના રોગોના ૩૭, સ્ત્રી રોગના ૨૪, બાળરોગના ૧૨, લાઈફ સ્ટાઈલ ડીસઓર્ડરના ૩૨, આયુર્વેદ જનરલ ઓપીડીના ૧૪૬, હોમિયોપેથી જનરલના ૬૨, માનસિક રોગના ૩, વ્યસનમુક્તિના ૮ આમ કુલ ૩૨૪ દર્દીઓએ સારવાર મેળવી હતી. આ પ્રસંગે રોગ મુજબ યોગની ઓપીડીમાં ૮૯ દર્દીઓને રોગ અનુસાર યોગ નિષ્ણાંતો દ્વારા યોગાસન અને પ્રાણાયામ પણ શીખવવામાં આવ્યા હતા તથા રોગપ્રતિરોધક શક્તિવર્ધક ઉકાળાનો ૧૫૦૦ લાભાર્થીઓએ લાભ લીધો. જિલ્લા પંચાયતના પ્રમુખે લોકોને યોગ અને આયુર્વેદ દ્વારા પોતાના જીવનમાં થતા લાભો વિષે માહિતગાર કર્યા હતા. આરોગ્ય સમિતિના ચેરમેને જિલ્લાના દરેક તાલુકામાં થનાર મેગા કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો અને જી ફિટ ઈન્ડિયા મુવમેન્ટને સફળ બનાવવા આયુર્વેદ અને હોમિયોપેથીને પોતાના રોજિંદા જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો તથા આ માટે જિલ્લામાં આવેલ આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાનો લાભ લેવા જણાવ્યું. યોગ બોર્ડના ચેરમેન શિશપાલજીએ પણ લોકોને રોજિંદા જીવનમાં યોગ અપનાવી સ્વાસ્થ્ય રહેવા અપીલ કરી હતી તથા લોકોને ગુજરાત યોગ બોર્ડની કામગીરી વિશે માહિતગાર કર્યા હતા. જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવનાબેન પટેલે આ પ્રસંગે આયુર્વેદની પ્રાચીનતા અને તેમ છતાં સાંપ્રત સમયમાં સ્વાસ્થ્ય જાળવણી માટે આયુર્વેદની શ્રેષ્ઠતા વિશે જણાવ્યું હતું તથા આયુર્વેદ, હોમીયોપેથી અને યોગ જેવી આયુષ્યની પદ્ધતિ દ્વારા સ્વાસ્થ્યની જાળવણી પર ભાર મુક્યો હતો.

# ગાંધીનગર મહાનગર ભાજપાના ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગનો અડાલજ ખાતે પ્રારંભ

## મહાનગર ભાજપાનો પ્રશિક્ષણ વર્ગ તારીખ ૨૨, ૨૩ અને ૨૪ ઓક્ટોબર ત્રણ દિવસ સુધી ચાલશે

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે સમયાંતરે પ્રશિક્ષણ વર્ગોનું



આયોજન કરી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવું એ ભાજપાની કાર્યપધ્ધતિ રહી છે ત્યારે ભાજપાના રાષ્ટ્રીય પ્રશિક્ષણ વિભાગ તેમજ પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરમાં ૧૬ ઓક્ટોબર થી ૨૪ ઓક્ટોબર દરમિયાન ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયુ છે જે અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપાના ત્રણ દિવસના પ્રશિક્ષણ વર્ગનો આજરોજ બિઝનેસ પાર્ક, ત્રિમંદિર, અડાલજ ખાતે પ્રારંભ થયો હતો જે ૨૪ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ બપોર સુધી ચાલશે.

આજરોજ પ્રશિક્ષણ વર્ગના પ્રથમ દિવસે વિવિધ વિષયો પર પ્રદેશ નેતૃત્વ દ્વારા નિમાયેલા વકતાઓએ ઉપસ્થિત સૌ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓને વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું જેમાં પ્રથમ હતી તેમજ તમામ સત્રોમાં વક્તા અને ઉપસ્થિત કાર્યકર્તાઓએ વિવિધ વિષય પરસ્પર સંવાદ કર્યો હતો. આ ઉપરાંત પ્રત્યેક સત્રના ઉદઘાટક સત્રમાં પ્રદેશ અગ્રણી ડૉ. સંજય દેસાઈએ ‘બદલાયેલ પરિસ્થિતિમાં ભાજપાનું દાયિત્વ અને વર્તમાન સમયમાં ભાજપાની વિશેષતા’, બીજા સત્રમાં પ્રદેશ અગ્રણી રાજેશભાઈ પટેલે ‘આપણી કાર્યપધ્ધતિ-સંગઠન સંરચનામાં આપણી ભૂમિકા’, ત્રીજા સત્રમાં પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણે ’ભાજપાનો ઈતિહાસ અને વિકાસ’, ચોથા સત્રમાં સંઘ પ્રચારક ચિરાગભાઈ ગજ્જરે ‘આપણો વિચાર પરિવાર’, અને પાંચમા સત્રમાં રાજયસભા સાંસદ જુગલજી લોખંડવાલાએ ‘૭ વર્ષમાં કેન્દ્ર/રાજ્ય સરકારમાં અંત્યોદય પ્રયત્ન’ વિષય પર વક્તવ્ય આપી ઉપસ્થિત સૌ સમક્ષ છણાવટ કરી અધ્યક્ષો પણ ઉપસ્થિત સૌને સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે મહાનગરના પ્રશિક્ષણ વર્ગના નિમાયેલા વાલી પૂર્વમંત્રી માધુભાઈ ઠાકોર, પ્રભારી મોહનલાલ પટેલ, મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, નવનિયુક્ત મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર શ્રીમતી રીટા પટેલ, મહાનગર ભાજપાની મેઈન બોડીના સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

### સંવેદનનું સ્ટેટસ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

‘ઈદમ્ તૃતિયમ’ અને તારક મહેતાની ‘દુનિયાની આંખે ઉંધાં ચશ્માં’ અને ટપુડો અમર છે... બકુલ ત્રિપાઠી દરરોજના ધોરણે હાસ્ય ની કોલમ ‘ઠોઠ નિશાળિયો’ બનીને લખતા જે એક વિક્રમ હતો.. દામુ સાંગાણીનાં પ્રહસનો..નાથાલાલ દવેનાં કટાક્ષ કાવ્યો..શેખાદમ આબુવાલાનાં ખુરશીકાવ્યો જેવી ધારાઓ ચાલતી રહી એકલવ્યની માફક એકલપંડે..તારક મહેતાએ ‘એક્શન રિપ્લે’ નામે હાસ્યસભર આત્મકથા આલેખી છે એ પણ એકમેવ છે.. ગુજરાતી ગદ્યમાં હાસ્ય માટે આવી સ્થિતિ હોય તો કવિતાનું તો પૂછવું જ શું? માત્ર હાસ્યકવિ તરીકે ઓળખાવી શકાય એવા કોઈ ગુજરાતી કવિ કે કવિયત્રી છે જ નહીં! રમેશ પારેખનો ‘ખમ્મા આલા બાપુને’ કાવ્યસંગ્રહ સાહિત્યિક ગઢમાં પ્રવેશી શકયો..ગઝલની હાસ્યિકા ’હઝલ’ પ્રયોગ તરીકે ચાલી પણ પાંગરી નહીં..હાસ્ય ગીત કે હાસ્ય સોનેટ વાત જ નવી લાગે..હાસ્ય નિબંધો ખરા પણ દુર્લભ જણસ જેવા..આજના માઈક્રોફિકશન કે ફેસબુક લેખોમાં પણ હાસ્ય શોધવું પડે છે... હાસ્ય થેરાપી અને સ્ટ્રેસ મેનેજમેન્ટમાં લાફટર એક વિજ્ઞાન તરીકે અનિવાર્ય થતું જાય છે...કોમેડી એ સ્ટ્રેસ સામેનો બેસ્ટ રેમેડી છે...હસીને હળવા થવું એ આજના જમાનાની માંગ છે..સાહિત્ય એ પણ સમાજનું જ પ્રતિબિંબ છે..હાસ્યપ્રધાન સાહિત્ય સોળે કળાએ ખીલી એ દિવસોની પ્રતીક્ષા કરીએ...!

- rrthakkar2@gmail.com

### ૫૦ ટકાનો વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાવતા હતા જયારે આગામી દિવાળી પર્વને અનુલક્ષી હાલ ઓનલાઈન બુકીંગનો ટ્રેન્ડ મજબુત બન્યો છે. નાગરિકો સલામત સવારીને પસંદ કરી રહ્યા છે. જેના લીધે છેલ્લા કેટલાક સમયથી પ્રતિદિન ૧૦૦ થી વધુ પેસેન્જરો ઓનલાઈન બુકીંગ કરાવી રહ્યા છે. જેમાં ગાંધીનગરથી સૌરાષ્ટ્ર તરફ જવા માટે વિશેષ બુકીંગ થાય છે. જેમાં સોમનાથ, દિવ , અમરેલી અને જુનાગઢ ના રૂટમાં બુકીંગનુ પ્રમાણ વધુ છે. આ ઉપરાંત અંબાજી તેમજ દક્ષિણ ગુજરાત માટે પણ બુકીંગ વિશેષ થઇ રહ્યુ છે. આગામી દિવાળી પર્વને અનુલક્ષી સૌરાષ્ટ્રમાં વતન જવા માટે પણ બુકીંગનુ પ્રમાણ વધ્યુ છે. દિવાળીના તહેવારમાં વતન જવા સહીત સૌરાષ્ટ્રના રૂટમાં ફરવા જતા પ્રવાસીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. જેના લીધે એસ ટી બસ સેવાના ઓનલાઈન બુકીંગનો વિશેષ ઉપયોગ થતા એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

### ગ્રે-લિસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનને બ્લેક મની પર રોક ન લગાવવા, આતંકવાદ માટે ફાઈનાન્સિંગ વધારવા પર ગ્રે લિસ્ટમાં રાખ્યું હતું. એફએટીએફએ પાકિસ્તાનને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત કરાયેલા આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા લોકો સામે તપાસ કરવા અને તેમની સામે કેસ ચલાવવા કહ્યું હતું. પાકિસ્તાને દેખાડો તો કર્યો, પરંતુ વાસ્તવિક સ્તર પર કોઈ કામ નથી કર્યું.પાકિસ્તાન એફએટીએફના ગ્રે લિસ્ટમાં જ રહેશે તો તેની આર્થિક સ્થિતિ કથળી જશે તે નિશ્ચિત છે.

### મજાકમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતાં અનન્યાએ કહ્યું કે, આ વાતો તેણે મજાકમાં કહી હતી. આ મીડિયા રિપોર્ટમાં એવો પણ ઉલ્લેખ છે કે, અનન્યાએ આર્યનને ડ્રગ્સની વ્યવસ્થા કરી આપી હોય તેવા કોઈ પુરાવા મળ્યા નથી. આ સાથે જ એનસીબી એવો પણ દાવો કર્યો છે કે, ચેટમાં આર્યન અને અનન્યા નિયમિતપણે ડ્રગ્સ વિશે ચર્ચા કરતા હતા. સૂત્રોનું માનીએ તો, અનન્યા પાંડેએ તેના પર લાગેલા તમામ આરોપો ફગાવ્યા છે અને ડ્રગ્સ ના લેતી હોવાનું કહ્યું છે. ૨૧ ઓક્ટોબરે એનસીબીએ લગભગ ચાર કલાક સુધી અનન્યાની પૂછપરછ કરી હતી. એનસીબીએ અનન્યાનું લેપટોપ અને મોબાઈલ પણ જપ્ત કર્યા છે પરંતુ તેમણે આ અંગેની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો હતો. ગુરુવારે અનન્યા પિતા ચંકી પાંડે સાથે એનસીબીની ઓફિસે પહોંચી હતી. શુક્રવારે (૨૨ ઓક્ટોબર) પણ અનન્યાને એનસીબીએ પૂછપરછ માટે બોલાવી હતી. ગુરુવારે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના કેટલાક અધિકારીઓ અનન્યાના ઘરે સમન્સ પાઠવવા પહોંચ્યા હતા. ત્યારે એક અધિકારીએ કહ્યું હતું, જ્યારે એનસીબીના અધિકારીઓ પૂછપરછ કે તપાસ માટે કોઈ વ્યક્તિને મળે છે તેનો અર્થ એ નથી થતો કે તે વ્યક્તિ ગુનેગાર છે કે તેની તપાસ થઈ રહી છે. આ પ્રક્રિયા છે જેનું અમારે પાલન કરવાનું હોય છે.

### નવો અધ્યાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપણે તેમણે બનાવેલી વેક્સિનનો જ ઉપયોગ કર્યો. જ્યારે ભારતમાં સદીની સૌથી મોટી મહામારી આવી તો સવાલ એ ઊઠ્યો કે ભારત એની સામે લડી શકશે? વેક્સિનને ખરીદવાના પૈસા ક્યાંથી આવશે. શું ભારત આટલા લોકોને રસી આપી શકશે ? આવા અલગ-અલગ પ્રકારના સવાલો હતા, જોકે આજે ૧૦૦ કરોડ વેક્સિનના ડોઝ બધાના જવાબ આપી રહ્યા છે. ભારતે ૧૦૦ કરોડ વેક્સિન ડોઝ લગાવ્યા છે અને એ પણ ફ્રીમાં.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતને જે ફાર્મા હબની ઓળખ મળી છે એનાથી મજબૂતી મળશે. કોરોના મહામારીની શરૂઆતમાં એવી પણ આશંકાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી હતી ભારત જેવા દેશમાં આ મહામારી સામે લડવું મુશ્કેલ બનશે. એવું પણ કહેવામાં આવતું હતું કે આ સંયમ કેવી રીતે કામ કરશે, પરંતુ ભારતે મફત વેક્સિનેશનનું અભિયાન શરૂ કર્યું. ગામ, શહેર, દૂર દેશનો એક મંત્ર રહ્યો છે કે જો વેક્સિન ભેદભાવ નથી કરતી તો વેક્સિનેશનમાં પણ ભેદભાવ ન કરી શકાય. ભલે એ કેટલોય મોટો હોય, કેટલોય ધનવાન હોય, તેને સામાન્ય નાગરિકોની જેમ જ વેક્સિન મળશે.